

## ‘ધ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે’:

# દેશના સ્વાસ્થ્યનો માપદંડ

**ઈન સાઈડ આઉટ સાઈડ**

**કિરણ કાપૂરે**

દેશના સ્વાસ્થ્ય સંબંધિત અગત્યનો કહી શકાય તેવો સરવે સમયાંતરે થાય છે. આ સરવે એટલે ‘ધ નેશનલ ફેમિલિ હેલ્થ સર્વે’[NFHS]. આ સરવેનો આરંભ 1992-93માં થયો હતો અને અત્યાર સુધી તેના પાંચ રાઉન્ડ થયા છે; અને તેમાં મુખ્યત્વે જે બાબતોને આવરી લેવાય છે તેમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરનો પ્રજનન દર, બાળકોના મૃત્યુદર, કુટુંબ નિયોજનની અસર, માતા અને નવજાત બાળકોનું સ્વાસ્થ્ય, પોષણ, સ્વાસ્થ્ય અને પરિવાર નિયોજન સંબંધિત સેવાનો ઉપયોગ અને તેની ગુણવત્તા. આ સરવેના બે મુખ્ય ઉદ્દેશ તેમની વેબસાઈટ પર મૂકવામાં આવ્યા છે અને તે છે : પ્રથમ, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંબંધિત જરૂરી આંકડા મેળવવા અને તે આંકડાને કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલય અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત એજન્સીઓને નીતિ કે કાર્યક્રમ ઘડવા માટે ઉપલબ્ધ કરાવવા. બીજો ઉદ્દેશ છે : સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંબંધિત નવા ઉભરતા મુદ્દાની જાણકારી મેળવવી. હવે આ સરવે ખુદ કેન્દ્રનું સ્વાસ્થ્ય મંત્રાલય તો કરી શકવાનું નથી, એટલે તેમણે એક એજન્સીનો સહયોગ મેળવ્યો છે. આ એજન્સી એટલે મુંબઈની ‘ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફૉર પોપ્યુલેશન સાયન્સ’. ‘NFHS’ની આ પ્રાથમિક માહિતી છે અને આ વર્ષે તેના કેટલાંક આંકડા જાહેર થયા છે, પરંતુ તેની સામે અનેક એવી માહિતી છે, જેની બાદબાકી કરી દેવામાં આવી છે.

હાલમાં NFHSનો છઠ્ઠા રાઉન્ડની માહિતી જાહેર થઈ છે તેનો સરવે 2023-24 દરમિયાન થયો હતો. આ પહેલાં જે સરવે થયો હતો તે 2019થી 2021 દરમિયાન થયો હતો અને તે વખતે સરવેમાં 131 મુદ્દાને સૂચક તરીકે મૂકવામાં આવ્યા હતા. તે પછીના એટલે કે 2023-24ના સરવે દરમિયાન તે મુદ્દાને ઘટાડીને 101 કરી દેવામાં આવ્યા છે. મતલબ કે ઘણી એવી સ્વાસ્થ્યલક્ષી બાબતો છે જે આ વખતના NFHSના આંકડામાં મળી શકી નથી. જેમાં કુપોષણની વ્યાપકતા, બાળક મૃત્યુદર, પાંચ વર્ષથી નીચેના બાળકોનો મૃત્યુદર, જન્મ સમયનો લિંગાનુપાત, સ્વચ્છતા સંબંધિત માહિતી, એઈડ્સ પ્રત્યેની જાગ્રતતા તથા પરિવાર નિયોજનના ઉપાયોની ગુણવત્તા જેવા મુદ્દા સમાવિષ્ટ છે. આ માહિતી સ્વાભાવિક છે કે આ સરવેમાં જ કવર થાય છે અને તે આધારે નીતિ ઘડાય છે. ઉપરાંત ‘ધ પ્રિન્ટ’ન્યૂઝ પોર્ટલમાં આ વિશે સાગરી ગુપ્તાએ જે લેખ લખ્યો છે તેમાં તેઓ જણાવે છે કે, આ સરવેમાં મેનોપોઝનો કોઈ ઉલ્લેખ નથી. આપણા દેશમાં 40થી 59 વર્ષની ઉંમરની મહિલાઓની સંખ્યા 15 કરોડથી વધુ છે. તેમ છતાં આ સરવેમાં તે સંબંધિત કોઈ ઉલ્લેખ મળતો નથી. સાગરી ગુપ્તા એ પણ ઉલ્લેખ કરે છે કે આમાં કોઈ ભૂલ નથી, બલકે સરવે કરવાના આયોજન દરમિયાન જ આ નિર્ણય નીતિગત રીતે લેવાયો હતો કે મેનોપોઝની વિગત આમાં સામેલ કરવામાં નહીં આવે. આ અગત્યની માહિતી છે પરંતુ નીતિગત રીતે તે માહિતી ન લેવાનો આ સરવે દરમિયાન નિર્ણય લેવાયો હતો.

**જેમાં કુપોષણની વ્યાપકતા, બાળક મૃત્યુદર, પાંચ વર્ષથી નીચેના બાળકોનો મૃત્યુદર, જન્મ સમયનો લિંગાનુપાત, સ્વચ્છતા સંબંધિત માહિતી, એઇડ્સ પ્રત્યેની જાગ્રતતા તથા પરિવાર નિયોજનના ઉપાયોની ગુણવત્તા જેવા મુદ્દા સમાવિષ્ટ છે**

NFHSના આંકડા તો આવે છે, પરંતુ તેનું વિશ્લેષણ ખૂબ ઓછી જગ્યાએ મળે છે. આ આંકડાનું વિશ્લેષણ અને તેની સરખામણી થાય તો ખ્યાલ આવે કે દેશની સ્વાસ્થ્ય સ્થિતિ સુધરી છે કે પછી તેમાં સ્વાસ્થ્યચિત્ર વધુ બગડ્યું છે. ગણીગાંઠ્યા ન્યૂઝ પોર્ટલ દ્વારા તેનું વિશ્લેષણ થયું છે અને તે પણ જૂજ મુદ્દાઓનું. જેમ કે, ‘ધ ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસ’ દ્વારા કેરળમાં કેટલો દારૂ પીવાય છે તેનું વિશ્લેષણ થયું છે. આ અહેવાલમાં આપેલા ડેટા મુજબ કેરળમાં દારૂ પીનારાની સંખ્યા અગાઉના NFHSના સરવે કરતાં 14 ટકા વધી છે. હાલાના આંકડા મુજબ કેરળમાં દર ચારમાંથી એક પુરુષ દારૂનું સેવન કરે છે. આ અહેવાલમાં કેરળમાં મહિલાઓના દારૂના સેવનનો પણ આંકડો આપવામાં આવ્યો છે. જે નગણ્ય માત્રામાં એટલે કે, 0.3 ટકા છે. દારૂના સેવનમાં દેશમાં સૌથી ઉપર આવતું રાજ્ય અરૂણાચલ પ્રદેશ છે. અહીંયા આ આંકડો 50 ટકાનો છે. મતલબ દર બીજો અરૂણાચલ પ્રદેશવાસી દારૂનું સેવન કરે છે. તે પછીના ક્રમે જે રાજ્ય આવે છે તે તેલંગાણા છે. ગુજરાતમાં પુરુષોમાં દારૂના વ્યસનનો આંકડાની ટકાવારી પાંચ ટકા દર્શાવવામાં આવી છે.

આ રીતે ‘આજતક’ની વેબસાઈટ પર ક્યા રાજ્યમાં મેદસ્વિતાની ટકાવારી કેટલી છે - તે આંકડાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ સરવે થયો છે તેની એક વિગત અહીં જાણી લેવી જોઈએ કે પૂરા દેશમાં છ લાખ 79 હજાર ઘરમાંથી આ માહિતી એકઠી કરવામાં આવી છે. આ પૂરા સરવેમાં સમાવિષ્ટ થનારી મહિલાઓની સંખ્યા સાત લાખ 16 હજારની આસપાસ છે, જ્યારે પુરુષોની સંખ્યા એક લાખની આસપાસ છે. હવે મેદસ્વિતાના આંકડાના વિશ્લેષણ પર આવીએ તો NFHSના ડેટા મુજબ મેદસ્વિતાના રેસમાં સૌથી આગળ નીકળનારા રાજ્યોમાં સિક્કીમ અને આંધ્ર પ્રદેશ છે. સિક્કીમ પૂર્વીય રાજ્ય છે અને તેનો મેદસ્વિતાનો ગ્રાફ ખૂબ ઝડપથી ઉપર જઈ રહ્યો છે. ગત્ NFHS-5ના આંકડા મુજબ સિક્કીમમાં જે મહિલાઓ મેદસ્વિતા ધરાવતી હતી, તેની ટકાવારી 34.8 ટકા હતી. જે હાલમાં આવેલા સરવેમાં 47.5 થઈ ગઈ છે. મતલબ કે ટકાવારી માત્ર ચાર વર્ષમાં 12 ટકા જેટલી વધી છે. આ વિગતથી સમજાય કે NFHS-ના આંકડા કેટલા અગત્યના છે. જો આ સરવે ન થાય તો કોઈ રાજ્યની આવી સ્વાસ્થ્ય સંબંધિત વિગત ખ્યાલ ન આવે અને તે પ્રત્યેની જાગ્રતતા લાવવાની થાય તો તે પણ ન લાવી શકાય. સ્વાભાવિક છે કે વ્યાપક સ્તરે અને આપણા જેવા વિવિધતા ધરાવતા દેશમાં જો કોઈ નીતિ લાગુ કરવી હોય તો તેનો યોગ્ય અભ્યાસ-સંશોધન થયો હોવો જોઈએ. આ પ્રથા વર્તમાન સરકારે તોડી છે, ઘણા આંકડાની આ સરકારે બાદબાકી કરી નાંખી છે અથવા તો જે યોગ્ય અભ્યાસ થાય છે અને તેમાં જો સરકારની મર્યાદા દેખાતી હોય તો તે સરકાર સ્વીકારતી નથી. એ પ્રમાણે આંધ્રપ્રદેશનો મહિલાઓમાં મેદસ્વિતાનો આંકડો જોઈએ તો તે અગાઉના સરવેમાં 36 ટકાની આસપાસ હતો, જે હવે 47.9 ટકા સુધી પહોંચ્યો છે. તે પછી મહિલાઓમાં મેદસ્વિતા વધી રહી છે તેમાં અન્ય રાજ્યોમાં જે આવે છે તેમાં કર્ણાટક છે. અહીંયા પણ આંક અગાઉના સરવેમાં 30 ટકા હતો જે હવે 41 ટકા સુધી પહોંચ્યો છે. તે પછી તેમાં આપણું રાજ્ય ગુજરાત પણ આવે છે. ગુજરાતમાં અગાઉ મહિલાઓમાં મેદસ્વિતાનું પ્રમાણ 22.7 ટકા હતું, જે વધીને હવે 32 ટકા સુધી પહોંચ્યું છે. મતલબ કે ટકાવારી વધી છે તેનું પ્રમાણ 10 ટકા છે. આ રીતે પુરુષોમાં મેદસ્વિતાનું પ્રમાણ જોઈએ તો તેમાં પ્રથમ ક્રમાંકે આંધ્રપ્રદેશ છે. અહીંયા પુરુષોમાં મેદસ્વિતાનો આંક ગત્ સરવેના પ્રમાણમાં 10 ટકા વધીને 41 ટકા સુધી પહોંચ્યો છે. મતલબ કે આંધ્રપ્રદેશમાં મહિલા અને પુરુષમાં મેદસ્વિતાનું પ્રમાણ સવિશેષ છે. ગુજરાતમાં પણ પુરુષોમાં મેદસ્વિતાનું પ્રમાણ વધ્યું છે તેની ટકાવારી 10 ટકાની આસપાસ છે. તેમાં પછીના જે રાજ્યો આવે છે તેમાં મહારાષ્ટ્ર, સિક્કિમ, હરિયાણા છે. અહીંયા આપણી સામાન્ય ધારણા એવી છે કે મેદસ્વિતાનો દર પંજાબ કે દક્ષિણના અન્ય રાજ્યોમાં હોવો જોઈએ. પરંતુ તે ધારણા આ સરવેના આંકડાથી તૂટે છે.

એ રીતે દેશમાં હવે બાળકોના જન્મ હોસ્પિટલમાં થાય તે ટકાવારી 90 ટકા સુધી પહોંચી ચૂકી છે. તે આંકડો અગાઉ 88.6 હતો. મતલબ કે હવે વધુ મહિલાઓ સુરક્ષાની કવચ હેઠળ બાળકોને જન્મ આપી રહી છે. આંકડા જોઈને આ ચિત્ર સારું લાગે, પરંતુ આવી હોસ્પિટલમાં ડૉક્ટરોની હાજરી હોય છે કે નહીં અને તેમની તે દરમિયાન કેવી રીતે ખ્યાલ રાખવામાં આવે છે તેનો અંદાજો સરવેમાં આવતો નથી. એ પ્રમાણે વેક્સિનેશનના દરમાં પણ વધારો થયો છે. આ સરવે મુજબ 95 ટકાથી વધુ બાળકોને સરકારી સ્વાસ્થ્ય કેન્દ્રો પર મોટાભાગની વેક્સિન આપવામાં આવી છે. સ્વાસ્થ્ય સંબંધિત આવી ઘણી માહિતી NFHS સરવે દ્વારા જ મળી શકે છે. આ સરવે જેટલો સઘન થાય તેટલી આપણી નીતિ-કાર્યક્રમો કારગર નીવડે.

## લાઇફ મેં અલ્ટિમેટલી ક્યા માંગતા?:

# સોચો ઔર દિમાગ નોચો!



**માછીમાર જાણતો હતો કે એને જીવનમાં શું જોઈએ છે પણ આપણાંમાંના મોટાભાગનાઓને ખબર નથી કે અલ્ટિમેટલી શું જોઈએ છે!**

**મિજાજ મસ્તી**

**સંજય છેલ**

**ટાઈટલ્સ:**

**ગુજરાતને ફિલોસોફીને ફાફડા બહુ ભાવે (છેલવાણી)**

એક અમેરિકન, મેક્સિકોના ગામમાં રખડી રહ્યો હતો, એણે જોયું કે એક નાનકડી હોડી ઘણી બધી મોટી ટ્યુના માછલીઓ લઈને દરિયા કિનારે આવી. અમેરિકને હોડીવાળાને પૂછ્યું, “આ માછલીઓને પકડવામાં કેટલો સમય લાગ્યો?” “ખાસ નહીં. કેમ?”માછીમારે કહ્યું.

“હજુ વધારે સમય દરિયામાં રહીને વધારે માછલીઓ કેમ ના પકડી?” અમેરિકને પૂછ્યું.

“જરૂર નથી. ફેમિલી માટે આટલી ઘણી.” માછીમારે કહ્યું.

“માછલી પકડ્યા પછી બાકીના સમયમાં તું શું કરે?” અમેરિકને પૂછ્યું.

“સવારે માછલી પકડવા જાઉં, પછી મારા બાળકો કે પત્ની સાથે સમય વિતાવું, બપોરે આરામ કરું ને સાંજે એયને નિરાંતે બીયર પીવા મિત્રો સાથે શહેર જાઉં, એંજોય કરું.” માછીમાર હસ્યો

અમેરિકને એને સમજાવ્યું, “..પણ જો તું માછીમારીમાં આપે તો વધારે માછલી પકડીને વેંચી શકશે પછી તને વધારે પૈસા મળશે, એમાંથી મોટી હોડી ખરીદીને બહુ બધી માછલી પકડી શકાશે. આમ વધારે માછલી પકડીને એ પૈસામાંથી બીજી ઘણી બધી હોડી ખરીદી શકશે. પછી તું માછલીઓને હોલસેલમાં વેપારીઓને વેંચી શકશે. પછી તારી પોતાની ફેક્ટરી હશે. જેમાં તું પોતે જ માછલીનું પ્રોસેસિંગ અને વેચાણ કરી શકશે. પછી ગામ છોડીને શહેરમાં જઈ પોતાનું બિઝનેસ સામ્રાજ્ય ચલાવતો થઈ જઈશ.” “પછી શું?”

અમેરિકને કહ્યું. “પછી તું માર્કેટમા તારી કંપનીનો આઈ.પી.ઓ. બહાર પાડશેને તારી કંપનીના શેર વેંચશે. કેટલી સંપત્તિ બનાવશે, વિચાર કર.”

“ઓકે, સંપત્તિ બનાવીશ, પછી શું?”

“પછી, રિટાયર થઈને આ નાનકડા ગામમાં આવીને માછલી પકડજે!”

“લ્યો? એ જ તો અત્યારે કરું છું, એના માટે શેરબજાર સુધી કોણ જાય? તમે જાવ?”

પેલા અમેરિકન પાસે આનો જવાબ નહોતો કારણકે એ પોતે શેરબજારમાં બધું ખોઇને બેઠેલો! મામૂલી માછીમાર જાણતો હતો કે એને જીવનમાં શું જોઈએ છે પણ આપણાંમાંના મોટાભાગનાઓને ખબર નથી કે અલ્ટિમેટલી શું જોઈએ છે!

“હું કોણ છું ને મારું જીવન ક્યારે સાર્થક ગણાશે?’ એ વિશે ખરેખર તો કોઈને જ ખબર નથી. મોટા મોટા ફિલોસોફરો દાઢીઓ વધારીને, પ્રવચનો આપીને ઉકલી ગયા પણ આનો પ્રોપર જવાબ હજીયે નથી. (જોકે એમ તો લાડવા પર ખસ-ખસ કેમ ચોંટાડાય છે? એનો જવાબ પણ આપણી પાસે નથી) વળી, મોટાભાગના સમાજને, પોતાના જીવનનાં અંતિમ ધ્યેય વિશે પડી નથી. સમાજ તો ‘ટ્રેન કેમ લેટ આવી અને પાણી કેમ વહેલું ચાલી ગયું?’ માં જ બિઝી રહે છે!

**ઈંટરવલ:**

**ઊંચે નજર કરો, જરા ઊંચે, વધુ ઊંચે**
**આકાશ છાબ છે અને તારા ગુલાબ છે**
**(વેણીભાઇ પુરોહિત)**

સો કરોડનો સવાલ એ છે કે લાઈફમાં ધ્યેય એટલે શું? ને અલ્ટિમેટલી ક્યારે અટકવું? સહુ આગળને વધુ આગળ વધવાની પાછળ જ પડ્યા છે. તમે ચપરાસી, ડૉક્ટર કે બિઝનેસમેન ગમે તે હોવ, લાઈફમાં આગળ વધવા વિશે ફિકર તો રહેવાની જ. સૌને કશુંક પામવું કે બનવું છે. પ્રાઈમરીનો પી.ટી. ટીચર પોતાને ‘ગુરુ’કે ‘ઘડવૈયો’ કહીને પોરસાય છે. ડૉક્ટર, પોતાને ‘ભગવાન નંબર ટુ’ કહીને ખુશ રહે છે. કોલમિસ્ટ, પોતાને મહાન સાહિત્યકાર માને છે. લોકલ નેતા, ખુદને સમાજસેવક ગણાવે છે. કથા વાંચનાર, ખુદને સંત સમજે છે. સંત, ખુદને ભગવાન ગણે છે તો ‘હે ભગવાન, તમે તો અંતર્યામી છો! અમારા અંતરને વાંચીને પ્લીઝ કહો કે અમારૂં કે કોઈનું યે આખરી ધ્યેય શું હોઈ શકે?’(કોણ જાણે કેમ પણ હજુ સુધી ભગવાનનો કોઈ જવાબ આવ્યો નથી.)

એનીવે, સમાજમાં તમે બહુ સફળ નથી? ધ્યેય સુધી પહોંચ્યા નથી? ડરો નહિં. અમારી પાસે કેટલાંક રેડીમેડ ઉપાયો છે. જેમ કે, તમે વિમાનમાં માંડ બે-ચાર વરસે એકાદવાર યાત્રા કરી હોય ને એ વાતની શરમ આવતી હોય તો તમારી બેગ પર ત્યારે અગાઉની એરલાઈન્સનું જે ‘ટેગ’ બાંધેલું એને તમારે કર્ણનાં કવચ-કુંડળની જેમ કદીયે કાઢવું નહી. એરલાઈન્સનાં જૂનાં ટેગને દેખાડીને લોકોમાં ફિશિયારી મારી શકાય કે-યાર, હમણાં જ દિલ્લીમાં ફાઈનાન્સ મિનીસ્ટરને મળીને આવ્યો! જેમ આજકાલ અનેક ગુજરાતીઓ મોદીસાહેબની જૂની ઓળખાણનું ટેગ લગાવીને ફરે છે. દરેક ગુજરાતી કવિ-લેખક-કલાકાર, પ્રોફેસર, પત્રકાર કે બિઝનેસમેન એમ જ કહેતો ફરે છે, ‘નરેન્દ્રભાઈ સાથે મારે ઘર જેવું!’

તમારું કલાકાર કે બૌદ્ધીક રીતે સફળ દેખાવાનું ધ્યેય હોય ને ના પહોંચાતું હોય તો રદ્દીમાંથી ટાગોર, જિબ્રાન કે સોક્રેટિસ જેવા મોટા નામોની બુક્સ લાવીને ઘરમાં મૂકી રાખવાની. એમને વાંચવાની જરૂર નથી પણ બુક્સનાં નામ યાદ રાખવા. બાસુંદી પર ચારોળી ભભરાવીએ એમ એ નામો પાર્ટીમાં વાતોવાતોમાં ભભભરાવતા રહેવાનું. સાહિર, અમૃતા પ્રીતમ, ગુલઝાર વગેરેનાં જૂના કિસ્સાઓ ઠપકારે રાખવાનાં. બાકી કંઈ ના આવડે તો મહાભારત કે નવી આવેલી વેબ-સીરીઝ પર બબડી જ શકાયને? જગત પણ ઈંપ્રેસ ને તમેય ખુશ!

કાર લેવાના ધ્યેયમાં પાછળ હોવ તો કહેવાનું, “ગાડીનાં ધુમાડા ફેલાવવા કરતા, બંગલાનાં પાર્કિંગ સ્પેસમાં ફૂલઝાડ ઉગાડું છું.” ગાડી હોય પણ ડ્રાઈવર ના હોય તો કહેવાનું, “મને મારું એકાંત બહુ વહાલું છે! કોઈ સતત માથે હોય એ ના ગમે. હું તો હનીમૂનમાં પણ એકલો જવાનો હતો, કોણ જાણે કેમ પણ વાઈફ ના માની!” જો ગાડી નાની હોય તો કહેવાનું, “મર્સીડીઝ તો કાલે લઈ લઉં પણ પછી ફંડફાળાવાળાં બહુ હેરાન કરે!” જો ઓલરેડી મર્સિડીઝ હોય તો કહેવાનું, “યાર, હેલીકોપ્ટર ખરીદ્યાં પછી આ ડબ્બો (મર્સીડીઝ) નાનો પડે છે!”

ટૂંકમાં આગળ વધવાના ધ્યેયનો અંત નથી, એટલે સતત જગને ને ખાસ તો મનને મનાવીને ખુશ રહેવું.

**એન્ડ ટાઈટલ્સ:**

**આદમ: વિચારોમાં?**

**ઈવ: હા..પણ તારા નહીં.**

# ઋષભ પંત પોતાના સૌથી મજબૂત ફોર્મેટમાં વાપસી માટે તૈયાર

**ખેલખેલમેં**



અફઘાનિસ્તાન સામે ભારતની એકમાત્ર ટેસ્ટ મેચના બે દિવસ પહેલા, ન્યુ ચંદીગઢમાં તાપમાન 40 ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આ ભીષણ ગરમીમાં પણ, વાદળી કેપ પહેરેલો ઋષભ પંત પોતાની અસલ રંગતમાં જણાય છે. તે ડાઈવિંગ કેચ લઈ રહ્યો છે, યશસ્વી જયસ્વાલને ભેટી રહ્યો છે, અને ગુર્જપનીત સિંહ સાથે હસતા ચહેરે રમી રહ્યો છે. મુખ્ય સ્થળે 20 મિનિટ કેચિંગ પ્રેક્ટિસ અને મજા કર્યા પછી, તે બેટિંગ પ્રેક્ટિસ માટે B ગ્રાઉન્ડ પર જાય છે. ત્યારબાદ તે સ્થાનિક સ્પિનરોનો સામનો કરે છે. તેનું ધ્યાન ડિફેન્સ પર હોય છે. ફ્રન્ટફૂટ પર લાંબો ડગલો લીધા પછી, પંત આગળ ઝૂકે છે અને બોલને તેની આંખો નીચે રોકે છે. તે દરેક બોલ માટે આવું કરે છે. જો કે, ક્યારેક તે પોતાની શૈલી બદલી નાખે છે અને બોલરના માથા ઉપર મોટો શોટ મારે છે. તેમાંથી એક શોટ બાઉન્ડ્રી ઉપર જાય છે અને નજીકના કચરાના ઢગલામાં પડે છે. ઋષભ પંતના લોફ્ટેડ શોટ્સમાં હજુ પણ એટલો જ રોમાંચ છે પરંતુ તેની 50મી ટેસ્ટના બે દિવસ પહેલા, વિકેટકીપર-બેટ્સમેન એક અલગ અભિગમ અપનાવતો જોવા મળ્યો. અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પહેલા ભારતના તાલીમ સત્ર દરમિયાન વિકેટકીપર-બેટ્સમેન તેની શારીરિક ભાષા અને ઈરાદા બંનેમાં વધુ શાંત દેખાતા હતા, દેખીતી રીતે મુખ્ય કોચ ગૌતમ ગંભીરની સલાહનું પાલન કરતો હતો. ભારતીય ક્રિકેટ વર્તુળોમાં એ વાત કોઈ રહસ્ય નથી કે ગુવાહાટીમાં દક્ષિણ આફ્રિકા સામેની ભારતની છેલ્લી ટેસ્ટ મેચ દરમિયાન પંતના બેજવાબદાર શોટ સિલેક્શનથી ગંભીર ખૂબ જ નારાજ હતો. બંને ઈનિંગ્સમાં પંતના આઉટ થવાના કારણે ચર્ચાનો વિષય બન્યો અને ટીમ તેના એક વરિષ્ઠ ખેલાડી પાસેથી વધુ જવાબદારીની અપેક્ષા રાખી રહી હતી ત્યારે તેની વ્યાપક ટીકા થઈ. જ્યારે પંત નેટમાં સ્પિનરોનો સામનો કરી રહ્યો હતો, ત્યારે તેનું સંપૂર્ણ ધ્યાન મજબૂત ડિફેન્સ પર હતું અને આ દરમિયાન ગંભીર તેના પર નજર રાખી રહ્યો હતો.

આંતરરાષ્ટ્રીય કારકિર્દીના નવ વર્ષ પછી અને ૫૦મી ટેસ્ટની નજીક, પંત બેટ્સમેન તરીકે એક રહસ્ય રહે છે. તેના વિશાળ શોટને જોતાં, તે એક કુદરતી T20 ખેલાડી હોવો જોઈએ. પરંતુ અત્યાર સુધી તે ટેસ્ટ ક્રિકેટમાં વધુ આરામદાયક લાગતો હતો. 2018માં પંતના ટેસ્ટ ડેબ્યૂ પછી, આ ફોર્મેટમાં તેના કરતા વધુ રન કોઈ અન્ય ભારતીય બેટ્સમેન દ્વારા બનાવવામાં આવ્યા નથી. ફક્ત રવિન્દ્ર જાડેજા જ તેના ૨૬ ૫૦ થી વધુના સ્કોરની બરાબરી કરી શક્યો છે. તે હવે તેની સૌથી ખરાબ IPL સીઝનમાંથી એક પછી ટેસ્ટ ક્રિકેટમાં પાછો ફરી રહ્યો છે.

પંતે IPL 2026માં ઓપનર તરીકે શરૂઆત કરી હતી, પરંતુ આ પ્રયોગ એક પણ મેચથી વધુ ચાલ્યો નહીં. ત્યારબાદ તે ત્રીજા નંબર પર ગયો, પરંતુ થોડી મેચો પછી, તેણે નિકોલસ પૂરનને સ્થાન છોડી દીધું અને ચોથા નંબર પર ગયો. છેલ્લી LSG મેચમાં, તે પાંચમા નંબર પર આવ્યો. જો બીજા નિયમિત બેટ્સમેન માટે આવો ફેરફાર કરવામાં આવે તો તે વાજબી હોઈ શકે છે, પરંતુ જ્યારે ખેલાડી ટીમનો કેપ્ટન હોય ત્યારે તે યોગ્ય નથી.

કેપ્ટન તરીકે પંતની વિશ્વસનીયતાને પણ નુકસાન થયું. LSG એ ત્રણ મેચમાં બે જીત સાથે શરૂઆત કરી હતી પરંતુ આગામી 11 મેચમાં ફક્ત બે જ જીત મેળવી શકી, જેના કારણે તે પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે રહી. પંતે ડ્રેસિંગ રૂમમાં લોકો તરફથી ઘણા બધા મંતવ્યો મળવા અંગે પણ એક કરતા વધુ વખત વાત કરી છે. લેંગરે પંતનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો. હાર બાદ, તેણે કહ્યું, “એક કેપ્ટન તરીકે, તમારે હંમેશા આગળ આવવું પડશે અને જવાબદારી લેવી પડશે, ખરું ને? તે જાણે છે કે ટીમ માટે તેના પર ઘણું દબાણ છે, અને 98 ટકા સમય તે ચહેરા પર સ્મિત સાથે કરે છે.”

પંત હંમેશા ખુશખુશાલ અને વાતોડ્યો રહ્યો છે, પરંતુ શ્રેણીબદ્ધ હાર પછી, તેનું સ્મિત પણ કૃત્રિમ લાગતું હતું. તેને શબ્દો શોધવામાં મુશ્કેલી પડતી હતી અને ઘણીવાર તે વિચિત્ર હાસ્ય સાથે પોતાનું ભાષણ સમાપ્ત કરતો હતો. દરેક હાર પછી તે વધુને વધુ હતાશ અને થાકેલો દેખાતો હતો. પરંતુ તે લાંબા સમય સુધી પોતાની હતાશા છુપાવી શક્યો નહીં, અને LSG ની 13 મેચમાં નવમી હાર બાદ, તેણે ધીરજ ગુમાવી દીધી અને કહ્યું, અમે ખૂબ સારી ટીમ છીએ. કોઈ શંકા નથી કે પંતને હજુ સુધી સફેદ બોલ ક્રિકેટ માટે યોગ્ય ફોર્મ્યુલા મળી નથી. તેણે બે વર્ષ પહેલાં 2024 માં ભારતે શ્રીલંકાનો પ્રવાસ કર્યો હતો ત્યારે તેની છેલ્લી T20I રમી હતી. તેની છેલ્લી ODI પણ તે પ્રવાસમાં હતી. આ વર્ષની શરૂઆતમાં, તેને ન્યુઝીલેન્ડ સામેની ઘરઆંગણે શ્રેણી માટે કેએલ રાહુલના બેકઅપ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. જોકે, પ્રથમ મેચની પૂર્વસંધ્યાએ તેને સાઈડ સ્ટ્રેનનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે તે આખી શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો. જ્યારે ભારતે અફઘાનિસ્તાન સામેની ODI શ્રેણી માટે પોતાની ટીમની જાહેરાત કરી, ત્યારે પંત કરતાં ઈશાન કિશનને પ્રાથમિકતા આપવામાં આવી.

**ઋષભ પંતના શોટને ધ્યાને લઇએ તો કહી શકાય કે તે T20 ખેલાડી હોવો જોઈએ, પણ તેનાથી ઉલટું પંત ટેસ્ટ ક્રિકેટમાં સૌથી મજબૂત ખેલાડી ગણાય છે. હવે તેના માથેથી વાઇસ-કેપ્ટનનો ભાર ઉતરી ગયો છે અને એ ભારમાંથી મુક્ત થયા પછી, પંત પાસે એ સાબિત કરવાની તક હશે કે તેને આ ફોર્મેટમાં હજુ પણ શા માટે એક મજબૂત ખેલાડી માનવામાં આવે છે.**

દરમિયાન, તેમણે રેડ-બોલ ક્રિકેટમાં ભારતના ઉપ-કેપ્ટન તરીકે સેવા આપી હતી. ગયા નવેમ્બરમાં ગુવાહાટીમાં ઈજા બાદ શુભમન ગિલની ગેરહાજરીમાં તેમણે ટીમનું નેતૃત્વ પણ કર્યું હતું . વર્તમાન ટીમમાં, પંત રાહુલ પછી બીજા ક્રમનો સૌથી અનુભવી ખેલાડી છે. જોકે, IPLમાં મુશ્કેલ તબક્કામાંથી પસાર થયા પછી, પસંદગીકારોએ તેમને ટેસ્ટ ઉપ-કેપ્ટન પદ પરથી દૂર કર્યા. મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે કહ્યું,અમે ઇચ્છીએ છીએ કે તે હંમેશા જેવો ટેસ્ટ ક્રિકેટર રહ્યો છે તેવો જ રહે. વન ડે ક્રિકેટમાં વિકેટકીપિંગ માટે અમારી પાસે બે અલગ અલગ વિકલ્પો છે પરંતુ તે ટેસ્ટમાં અમારા મુખ્ય ખેલાડીઓમાંથી એક છે.